# ૭ વર્ષમાં અંદાજિત ૩.૨૭ લાખથી વધુ વિદ્યાર્થીઓએ સેલ્ફ ફાયનાન્સ શાળા છોડી

## ખાનગી શાળા છોડી સરકારીમાં લીધો પ્રવેશ : અમદાવાદ શાસનાધિકારી ડો.એલ.ડી.દેસાઈ કહ્યું કે, સરકારી નીતિઓને કારણે વાલીઓ સરકારી સ્કૂલ્સ તરફ વિચારતા થયા છે

અમદાવાદ,તા.૧૮

રાજ્યમાં સરકારી શાળાઓમાં વધેલી શૈક્ષણિક સુવિધાઓ અને અન્ય માળખાગત સુવિધાઓની સાથે ટેક્નોલોજીના સમન્વયથી વિદ્યાર્થીઓને શિક્ષણ અપાય છે, તેને પગલે સરકારી શાળાઓ સ્માર્ટ સ્કૂલમાં પરિર્વિતત થઈ રહી છે. આમ રાજ્ય સરકાર દ્વારા શિક્ષણ સુધારવા માટે જે પ્રકારની કામગીરી થઈ રહી છે તેનું પરિણામ રૂપી એ ફળ મળ્યું છે કે સેલ્ફ ફાયનાન્સ શાળા છોડીને હવે વાલીઓ તેમના બાળકોને સરકારી શાળામાં મૂકતા થયા છે. રાજ્યમાં છેલ્લાં ૭ વર્ષના આંકડા જોઈએ તો, અંદાજિત ૩ લાખ ૨૭ હજારથી વધુ વિદ્યાર્થીઓ સેલ્ફ ફાયનાન્સ શાળા છોડી સરકારી પ્રાથમિક શાળાઓમાં પ્રવેશ મેળવ્યો છે. જ્યારે અમદાવાદ શહેરમાં છેલ્લાં સાત વર્ષમાં અંદાજિત કુલ ૪૦ હજારથી વધુ વિદ્યાર્થીઓએ ખાનગી સ્કૂલ છોડી સરકારી શાળામાં એડમિશન લીધું છે. ૨૧મી સદી જ્ઞાન-વિજ્ઞાનની સદી છે ત્યારે આજના દરેક વાલી પોતાના બાળકના એડમિશન માટે સ્કૂલોમાં કેવા પ્રકારની સુવિધા છે તે ખાસ જુએ છે. જેમાં પ્રી એજ્યુકેશનલ કીટ, ૩ડી એજ્યુકેશનલ ચાર્ટ, સાયન્સ અને મેથ્સ લેબ વિથ વર્કિંગ મોડેલ, ડિજિટલ પ્લેનેટોરીયમ, ફ્યુચર ક્લાસરૂમ, ફોલ્સ સીલિંગ, મલ્ટીપ્લે સ્ટેશન અને આઉટડોર રબર મેટ, ફેન્સી બેન્ચીસો, ઈન્ડોર મેટ, કેમેરાથી લેસ, વ્હાઈટ બોર્ડ, સ્પોર્ટસ કીટ અને લાઈબ્રેરી હોય આ તમામ પ્રકારની સુવિધા જે સ્કૂલમાં હોય તેમાં વાલી પોતાના બાળકનું એડમીશન કરાવતા હોય છે. અમદાવાદ શાસનાધિકારી ડૉ.એલ.ડી.દેસાઈ કહ્યું કે, સરકારી નીતિઓને કારણે વાલીઓ સરકારી સ્કૂલ્સ તરફ વિચારતા થયા છે. રાજ્ય સરકાર દ્વારા ઉચ્ચ લાયકાત ધરાવતા તાલિમબદ્ધ શિક્ષકો, માળખાકિય સુવિધામાં વધારો અને રાજ્ય સરકારની શિક્ષણ નીતિ વિષયક યોજનાઓ તેમજવબાળકોને મળતા લાભો વિશે વાલીઓને જાગૃત કરવામાં આવે છે. આ બધા પરિણામોને કારણે વાલીઓ સરકારી સ્કૂલમાં પણ ખાનગી સ્કૂલ કરતા શ્રેષ્ઠ શિક્ષણ મળે છે તે જાણ્યા, અનુભવ્યા અને મુલાકાત લીધા બાદ તેમના બાળકોને પ્રાઈવેટ સ્કૂલમાંથી ઉઠાવી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સરકારી શાળાઓમાં પ્રવેશ અપાવે છે. તેમણે ઉમેર્યું કે, એમ આ તબક્કે વાલીઓને વિશ્વાસ અપાવીએ છીએ કે સરકારી સ્કૂલ પર મૂકેલા વિશ્વાસને ટીમ સ્કૂલ બોર્ડ ૧૦૦ ટકા પૂર્ણ કરશે. તેમણે વધુમાં કહ્યું કે, નવા શૈક્ષણિક સત્ર માટે પણ શિક્ષકોને એડમિશન માટેની જવાબદારી સોંપવામાં આવી છે. આ શિક્ષકો દરેક વિસ્તારમાં જઈ વાલીઓને મળી સરકારી સ્કૂલ્સમાં એડમિશન લેવાના ફાયદા અંગે જણાવી રહ્યા છે. નગર પ્રાથમિક શિક્ષણ સમિતીના ચેરમેન ડૉ.સુજય મહેતાએ કહ્યું કે, સરકારી શાળાઓમાં પણ ખાનગી સ્કૂલ્સની જેમ રમતગમતના મેદાન, હાઈટેક ટિચિંગ ક્લાસ, સ્વચ્છતા તથા ક્વોલિફાઈડ શિક્ષકો હોવાથી ખાનગી સ્કૂલ્સ સામે સ્પર્ધા શરૂ થઈ છે.

# અંતે, હાર્દિક પટેલનું કોંગ્રેસમાંથી રાજીનામું

## વિધાનસભાની ચૂંટણી પહેલાં કોંગ્રેસને મોટો આંચકો : હાર્દિક ચૂંટણી પહેલા ભાજપમાં જોડાવાનો છે તેવી જોરદાર અટકળો હતી, તેવામાં તેણે આજે અચાનક જ ધડાકો કરતાં હવે તે ભાજપમાં જોડાય છે કે તેમ તેના પર સૌની નજર

ગાંધીનગર, તા.૧૮

છેલ્લા ઘણા સમયથી કોંગ્રેસની નેતાગીરી સામે 'નારાજગી' વ્યક્ત કરી ચૂકેલા હાર્દિક પટેલે આખરે પક્ષમાંથી રાજીનામું આપી દીધું છે. કોંગ્રેસમાં હાર્દિક પટેલ કાર્યકારી અધ્યક્ષ પદે



હતો, પરંતુ તેણે આ પદને 'નસબંધી કરેલા વરરાજા' જેવું ગણાવ્યું હતું. તેની ફરિયાદ હતી કે પક્ષમાં તેને કોઈ પ્રકારની જવાબદારી સોંપવામાં નથી આવી. બીજી તરફ, હાર્દિક કોંગ્રેસ છોડીને વિધાનસભા ચૂંટણી પહેલા ભાજપમાં જોડાવાનો છે તેવી જોરદાર અટકળો હતી, તેવામાં તેણે આજે અચાનક જ ધડાકો કરતાં હવે તે ભાજપમાં જોડાય છે કે તેમ તેના પર સૌની નજર છે.

હાર્દિકે પોતાના રાજીનામાનો પત્ર ટ્વીટર પર શેર કર્યો હતો. તેણે લખ્યું છે કે તે હિંમત કરીને કોંગ્રેસ પાર્ટીના પદ અને પ્રાથમિક સભ્યપદેથી રાજીનામું આપી રહ્યો છે. સાથે તેણે એવો વિશ્વાસ પણ વ્યક્ત કર્યો છે કે તેના આ નિર્ણયનું ગુજરાતની જનતા સ્વાગત કરશે. ઉલ્લેખનીય છે કે, હાર્દિકે થોડા દિવસો પહેલા પોતાની સોશિયલ મીડિયા પ્રોફાઈલ પરથી કોંગ્રેસના હોદ્દાનો ઉલ્લેખ દૂર કર્યો હતો. તાજેતરમાં જ હાર્દિક રાહુલ ગાંધી સાથે એક કાર્યક્રમમાં સ્ટેજ પર જોવા મળ્યો હતો, પરંતુ રાહુલે તેની ધરાર અવગણના કરી હતી. આ ઉપરાંત, મોવડીમંડળે પણ હાર્દિકને ભાવ આપવાનું બંધ કરીને નિવેદનબાજી બંધ કરવા ટકોર કરી હતી.

હાર્દિકે સોનિયા ગાંધીને સંબોધીને લખેલા પત્રમાં જણાવ્યું છે કે તેના અનેક પ્રયાસો બાદ પણ કોંગ્રેસ દ્વારા દેશહિત અને સમાજ હિતથી બિલકુલ વિપરિત કાર્ય કરવામાં આવી રહ્યું છે. તેણે લખ્યું છે કે દેશના યુવા એક સક્ષમ અને મજબૂત નેતૃત્વ ચાહે છે, જ્યારે પાછલા ત્રણ વર્ષમાં કોંગ્રેસ માત્ર વિરોધની રાજનીતિ પૂરતી મર્યાદિત રહી ગઈ છે. રામ મંદિર, એનઆરસી-સીએએ, કલમ ૩૭૦ હટાવવા તેમજ જીએસટી લાગુ કરવાની બાબતોનો ઉલ્લેખ કરતા હાર્દિકે કહ્યું છે કે દેશ લાંબા સમયથી આ મુદ્દાનું સમાધાન ઈચ્છતો હતો જ્યારે કોંગ્રેસ તેમાં એક બાધા બનવાનું કામ કરતી રહી. આ સિવાય હાર્દિકે કોંગ્રેસના મોટા નેતાઓએ જાણીજોઈને ગુજરાતની જનતાના મુદ્દાને નબળા બનાવ્યા હોવાનો આક્ષેપ પણ હાર્દિકે પોતાના રાજીનામામાં કર્યો છે.

૨૦૧૫માં થયેલા પાટીદાર અનામત આંદોલનનો મુખ્ય ચહેરો બનેલા હાર્દિક પટેલે ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપ વિરુદ્ધ પ્રચાર કર્યો હતો. તે વખતે તે કોઈ પક્ષ સાથે જોડાયેલો નહોતો પરંતુ પાટીદાર આંદોલનથી ભાજપને મોટું નુક્સાન ભોગવવું પડ્યું હતું અને પક્ષ ૯૯ બેઠકો પર સમેટાઈ ગયો હતો. ત્યારબાદ ૨૦૧૯ની લોકસભા ચૂંટણી અગાઉ હાર્દિકે કોંગ્રેસનો હાથ પકડ્યો હતો. રાહુલ ગાંધીની હાજરીમાં તે પક્ષમાં જોડાયો હતો અને ૨૦૧૯ની લોકસભા ચૂંટણી લડવા માટે તેણે ઘણા પ્રયાસ કર્યા હતા પરંતુ વિસનગરના કેસમાં સજા પડી ચૂકી હોવાથી તેને તાત્કાલિક રાહત ના મળી શકતા તેના ચૂંટણી લડવાના અરમાન અધૂરા રહી ગયા હતા.

### ભાજપના કાર્યકરો હાર્દિકનો સ્વીકાર કરે એમ લાગતું નથી : વરૂણ પટેલ

અમદાવાદ, તા.૧૮

પાટીદાર અનામત આંદોલનથી જાહેર જીવનની શરુઆત કરી કોંગ્રેસમાં એન્ટ્રી સાથે રાજકારણમાં ઝંપલાવનારા હાર્દિક પટેલે ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીના ટાણે જ કોંગ્રેસમાંથી રાજીનામું ધરી દીધું છે. હાર્દિક પટેલ કોંગ્રેસ છોડી ભાજપમાં જોડાવાની તૈયારી કરી રહ્યો છે તેવી જોરદાર અટકળો છે ત્યારે હાર્દિકના જૂના સાથી તેમજ પાટીદાર અનામત આંદોલનમાં તેની સાથે રહેનારા વરુણ પટેલે આ મામલે આકરી પ્રતિક્રિયા આપી છે. વરુણ પટેલે એક ટ્વીટ કરીને હાર્દિકનું નામ લીધા વિના જણાવ્યું છે કે ભાજપના કાર્યકરો તેનો સ્વીકાર કરે તેવું લાગતું નથી. ૨૦૧૭માં જ ભાજપમાં જોડાઈ ચૂકેલા વરુણ પટેલે આકરી પ્રતિક્રિયા આપતા જણાવ્યું છે કે જે રીતે ભાજપના કાર્યકરોએ ભાઈની સામે (અહીં તેમણે હાર્દિકના નામનો કોઈ ઉલ્લેખ નથી કર્યો) સંઘર્ષ કર્યો છે તે જોતાં કાર્યકરો તેનો સ્વીકાર કરે તેવું લાગતું નથી. ભાજપમાં જોડાવાની ચર્ચા સંપૂર્ણ પાયા વિનાની લાગે છે, બાકી જાય જેને જ્યાં જવું હોય ત્યાં.. આગળ વરુણ પટેલ એમ પણ જણાવે છે કે ભાજપનો કાર્યકર મૌન છે, માયકાંગલો નથી.

# આંતરરાષ્ટ્રીય વર્લ્ડ મ્યુઝિયમ-ડેના દિવસે વડનગરના ઐતિહાસિક સ્થળો એક્સપેરિયન્સલ મ્યુઝિયમ સાઈટની મુલાકાતે સાંસ્કૃતિક રાજ્ય મંત્રીશ્રી મીનાક્ષી લેખી

## મોઢેરા સૂર્યમંદિરની મુલાકાત દરમિયાન કલાત્મક શિલ્પકૃતિઓથી પરિચિત થયા







મહેસાણા

વડનગરની ઐતિહાસિક અને સાંસ્કૃતિક વિરાસતને વૈશ્વિક કક્ષાએ ઉજાગર કરવા અને દુનિયાનું શ્રેષ્ઠ ટુરિઝમ ડેસ્ટિનેશન બનાવવાના નિર્ધાર સાથે, મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે કેન્દ્રના આર્કિયોલોજી વિભાગ અને ગુજરાત સરકારના સંયુક્ત ઉપક્રમે તા. ૧૮થી ૨૦મે દરમિયાન ત્રિ-દિવસીય સૌ પ્રથમવાર વડનગર ઈન્ટરનેશનલ કોન્ફરન્સ-૨૦૨૨ યોજાઈ રહી છે.જેના પ્રારંભ પ્રસંગે ઉપસ્થિત રહ્યા બાદ, કેન્દ્રીય સાંસ્કૃતિક રાજ્ય મંત્રીશ્રી મીનાક્ષી લેખીએ ઐતિહાસિક નગરી વડનગરની મુલાકાત લીધી હતી.

આંતરરાષ્ટ્રીય વર્લ્ડ મ્યુઝિયમ-ડે, તા.૧૮મી મે થી શરૂ થયેલી આ કોન્ફરન્સ ત્રણ દિવસ ચાલવાની છે.. આ કોન્ફરન્સના ભાગ રૂપે વડનગરની મુલાકાત દરમિયાન મીનાક્ષી લેખીએ વડનગરનાં કીર્તિ તોરણ, પ્રેરણા સ્કુલ, આંતરરાષ્ટ્રીય કક્ષાના નિર્માણાધીન એક્સપેરિયન્સલ મ્યુઝિયમ સાઈટ,ઉત્ખનન સાઈટ, રેલવે સ્ટેશનની પ્રધાનમંત્રીશ્રીના બાળપણની યાદ એવી ચાની કીટલી સહિતનાં વિવિધ સ્થળોની મુલાકાત લઈને ઉત્ખનન દરમિયાન મળેલા અવશેષોનું નિરીક્ષણ કર્યું હતું અને તેમણે ઉત્ખનનની વિવિધ સાઈટ પર પગપાળાં જઈને માહિતી મેળવી હતી.

વડનગરમાં ૧૫ હજારથી વધુ ચોરસવાર જમીન ઉપર આંતરરાષ્ટ્રીય કક્ષાનું મ્યુઝિયમ બનવાનું છે.હાલ આ મ્યુઝિયમ સાઈટ ઉપર વડનગરના આજુબાજુના ૩૩૨ શ્રમિકો ખોદકામ અને ઉત્ખનન કરીને રોજગારી મેળવી રહ્યા છે.આ તમામ શ્રમિકોના ખાતામાં ડી.બી.ટીથી નાણાં ચૂકવામાં આવે છે. છેલ્લા બે વર્ષથી ચાલી રહેલા ઉત્ખનન દરમિયાન શંખચૂડી,અલગ અલગ ડિઝાઈના ઠીકરાં,માટીનાં રમકડાં,પેન્ડેન્ટ અને સીલીંગ મળી આવ્યા છે. વડનગરમાં આર્કિયોલોજી ઓફ ઈન્ડિયા દ્વારા વર્ષ ૨૦૧૪થી જુદી જુદી અઢાર જગ્યાએ ખોદકામ ચાલું રહ્યું છે. જેમાંથી અત્યાર સુધીમાં ૨૫ હજારથી વધુ વસ્તુઓના અવશેષો મળી આવ્યા હોવાની વિગતો સહાયક પુરાતત્તવવિદ અનન્યા ચક્રવર્તીએ આપી હતી.

કેન્દ્રીય સાંસ્કૃતિક રાજ્ય મંત્રીશ્રી મીનાક્ષી લેખીએ ઐતિહાસિક સ્થળોને વિશ્વ સ્તરે પ્રસ્થાપિત કરવા માટે ગાંધીનગર ખાતે યોજાઈ રહેલી કોન્ફરન્સ અત્યંત મહત્ત્વની પુરવાર થશે તેમ જણાવી, ઉમેર્યું હતું કે દેશના પ્રધાનમંત્રીશ્રીનાં જન્મ સ્થળની મુલાકાત લઈ મને ખૂબ આનંદ થયો છે.વર્લ્ડ મ્યુઝિયમ ડેના દિવસે જ આંતરરાષ્ટ્રીય કક્ષાના નિર્માણાધીન એક્સપેરિયન્સલ મ્યુઝિયમ સાઈટની મુલાકાતથી હું અભિભૂત થઈ છું.

તેમણે શિલ્પ,સ્થાપત્ય અને કલાના ત્રિવેણી સંગમ એવા એક હજાર વર્ષ જૂનાં વિશ્વ વિખ્યાત મોઢેરાનાં સૂર્યમંદિરની મુલાકાત લઈ,બારીકાઈપુર્વક વિવિધ શિલ્પોનું નિરીક્ષણ કરી, મોઢેરાના ગાઈડ ગિરીશ ગોસ્વામી પાસેથી ઈતિહાસ અને સંસ્કૃતિની રસપૂર્વક જાણકારી મેળવી હતી.

## બનાસકાંઠામાં લક્ઝરી-ટ્રેક્ટર ટકરાતાં મહિલાનું મોત, ૮ ઘાયલ

લાખણી, તા.૧૮

રાજ્યમાં દિન પ્રતિદિન અકસ્માતની ઘટનાઓમાં વધારો થઈ રહ્યો છે. ત્યારે બનાસકાંઠામાંથી ફરી એકવાર અકસ્માતની ઘટના સામે આવી છે. બનાસકાંઠાના લાખણી તાલુકાના આગથળા ગામ પાસે આ અકસ્માત સર્જાયો હતો. અગથળા ગામ પાસે લક્ઝરી અને ટ્રેક્ટર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ ગમખ્વાર અકસ્માતમાં એક મહિલાનું મોત થયું છે અને ૮ લોકો ઈજાગ્રસ્ત થયા છે. મૃતક અને ઈજાગ્રસ્તો ટ્રેક્ટર પર બેસીને મજૂરીકામે જઈ રહ્યા હતા એ સમયે આ ગંભીર અકસ્માત તેમને નડ્યો હતો. અકસ્માતના પગલે આસપાસના લોકો મદદ માટે દોડી આવ્યા હતા અને ભારે ટ્રાફિક સર્જાયો હતો. અકસ્માતની ઘટનાની જાણ સ્થાનિકોએ ૧૦૮ એમ્બ્યુલન્સ અને પોલીસને કરી હતી. જે બાદ પોલીસ અને ૧૦૮ એમ્બ્યુલન્સ ઘટના સ્થળે પહોંચી હતી. ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તમામ ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

# ગિરનાર રોપ-વે કેબિન સંગીતમય બનાવાશે

## ગિરનાર રોપ-વે પ્રોજેક્ટ પ્રવાસીનેપસંદ આવી રહ્યો છે : રોપ-વે પ્રોજેક્ટને કારણે પ્રવાસીઓ અને શ્રદ્ધાળુઓ માટે મા અંબેના દર્શન કરવા માટે ખૂબ જ સરળ બન્યું

જૂનાગઢ, તા.૧૮

જૂનાગઢનો ગિરનાર રોપ-વે પ્રોજેક્ટ પ્રવાસીઓને ખૂબ જ પસંદ આવી રહ્યો છે. આ રોપ-વેનો મોટી સંખ્યામાં પ્રવાસીઓ લાભ લઈ રહ્યા છે. ઓક્ટોબર ૨૦૨૦માં વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા તેનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું ત્યારથી અત્યાર સુધીમાં ૧૧ લાખ લોકોએ આ રોપવેનો ઉપયોગ કર્યો છે. જેના કારણે દોઢ વર્ષમાં રૂ.૫૬ કરોડની આવક થઈ છે. હવે આ રોપ-વેમાં એક નવી સુવિધા ઉમેરવામાં આવશે. પ્રવાસીઓ માટે હવે રોપ-વે કેબિનને ટૂંક સમયમાં સંગીતમય બનાવવામાં આવશે.



૨૩૨૦ મીટર લાંબા અને ૮૯૮.૪ મીટર ઉંચા રોપ-વેમાં અત્યાર સુધીમાં રોજની સરેરાશ ૫૫૧ ટ્રીપ ચલાવવામાં આવી રહી છે. ચાલુ વર્ષે છેલ્લા ૩ મહિનામાં પ્રવાસીઓની સંખ્યામાં અને આવકમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. ફેબ્રુઆરીના છેલ્લા મહિનામાં કુલ ૫૯,૧૮૮ પ્રવાસીઓએ આ રોપ-વે સેવાનો લાભ લીધો હતો. માર્ચમાં આ સંખ્યા વધીને ૭૭,૭૯૬ થઈ ગઈ છે. ફેબ્રુઆરીમાં જ્યાં ૩.૧ કરોડ રૂપિયાની આવક હતી સાથે જ માર્ચમાં ૪.૦૩ કરોડ રૂપિયાની આવક થઈ હતી. આ રીતે એક મહિનામાં આવકમાં એક કરોડનો વધારો જોવા મળ્યો હતો. ૧૩૦ કરોડના ખર્ચે તૈયાર કરાયેલા રોપ-વેની સુવિધાથી પ્રવાસીઓ ગિરનાર પર્વતના ૧૦,૦૦૦ પગથિયાં ચડ્યા વિના મિનિટોમાં માતાજીના મંદિરે પહોંચી શકશે.

ગુજરાતના પ્રવાસન ક્ષેત્રને વિશ્વ સ્તરે લઈ જવા રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. આ માટે સરકારે હેરિટેજ ટૂરિઝમ પોલિસીથી લઈને મેડિકલ ટૂરિઝમ સુધીના આધુનિક વિષયો સાથેની પોલિસી જાહેર કરી છે. પ્રવાસીઓની સુવિધાની સાથે સાથે સરકાર આ વિસ્તારમાં રોજગારીની તકો ઊભી કરવા માટે કામ કરી રહી છે. ગુજરાતના પ્રવાસનને વૈશ્વિક પ્રતિષ્ઠા અપાવવા સરકાર કાર્યરત છે.

ગિરનાર ગુજરાતનું આધ્યાત્મિક ગૌરવ છે અને અહીં દેશ-વિદેશના પ્રવાસીઓ આવે છે. સરકાર તેમની સુવિધા માટે સતત પ્રયાસો કરી રહી છે. રોપ-વે પ્રોજેક્ટને કારણે પ્રવાસીઓ અને શ્રદ્ધાળુઓ માટે મા અંબેના દર્શન કરવા માટે ખૂબ જ સરળ બન્યું છે. પ્રવાસીઓની સંખ્યા પણ વધી રહી છે.

# હનીટ્રેપ કેસમાં ગીતા પઠાણ સહિત તમામ નિર્દોષ જાહેર

અમદાવાદ તા.૧૮

હનીટ્રેપ કેસમાં મેટ્રોપોલિટન કોર્ટ આજે ચુકાદો આપ્યો છે. જેમાં આરોપ સિદ્ધ ન થતાં કોર્ટે તમામ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા છે. ઉલ્લેખનીય છે કે, મહિલા ક્રાઈમના પીઆઈ ગીતા પઠાણ, જી જે.કે.બ્રહ્મભટ્ટ સહિત કુલ ૮ આરોપી સામે હનીટ્રેપ અને તોડ કરવાનો આરોપ હતો. ૨૦ માર્ચ ૨૦૨૧ના દિવસે વેસ્ટ મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. હની ટ્રેપમાં ચાર લોકો સાથે તોડ કર્યો હતો. આરોપીઓ પર પોલીસ ફરિયાદમાં સમાધાન કરાવવાના નામે લાખો રૂપિયાનો તોડ કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો.

ગીતા પઠાણ છેલ્લા ઘણા મહિનાઓ સુધી જેલની સજા પણ ભોગવી છે મહિલા પોલીસ મથકમાં PI ગીતાબાનું હયાતખાન પઠાણ, PSI જનક બ્રહ્મભટ્ટ સહિતની ટોળકીએ પ્લાનિંગ કરીને વેપારી સહિતનાને કથિત રીતે હનીટ્રેપમાં ફસાવીને ૨૬.૫૫ લાખ રૂપિયાનો તોડ કરવાનો આરોપ હતો. આ મામલે ક્રાઈમ બ્રાન્ચે આરોપી પોલીસકર્મીઓની ધરપકડ કરીને જેલમાં મોકલ્યા હતા અને આરોપીઓને હાઈકોર્ટ દ્વારા જામીન પર મુક્ત નહોતા કરાયા. બીજી તરફ કોર્ટે આ કેસની કાર્યવાહી ૬ મહિનામાં પૂર્ણ કરવા માટેનો પણ આદેશ આપ્યો હતો.

હનીટ્રેપ કેસમાં બન્ને પક્ષ તરફથી દલિલો બાદ સુનાવણી પૂર્ણ થતા બુધવારે એડિશનલ ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ કોર્ટમાં ચુકાદો જાહેર કરવામાં આવ્યો.

### ગ્રીષ્મોત્સવ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગૃહમંત્રીના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને ગ્રીષ્મોત્સવનો શુભારંભ કરવામાં આવશે. આ તબક્કે ગાંધીનગરના મેયર હીતેશ મકવાણા પણ વિશેષ ઉપસ્થિત રહેશે. ઉજવણીઅન્વયે પ્રથમ દિવસે હનીફ અસલમના ગીતોનો કાર્યક્રમ યોજાશે જયારે બીજા દિવસે અલબત્ત તા ૨૦ મેં ના રોજ ગુજરાતના નામી કલાકાર પાર્થિવ ગોહીલ તેમના આગવા અંદાજમાં વૈવિધ્યાસભર ગીતો રજુ કરશે. જયારે ગ્રીષ્મોત્સવના છેલ્લા દિવસે તા ૨૧ મેં ના રોજ બોલીવુડના સુપ્રસિદ્ધ ગાયક કૈલાસ ખેર તેમના ધમાકેદાર ગીતોની પ્રસતૃતિ કરીને શ્રોતાના દીલ જીતી લેશે. ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા કોરોના કાળના બે વર્ષના વિરામ બાદ નગરને સાંસ્કૃતિક વૃતિ પ્રવૃતિથી ધમધમતુ કરવા માટે વર્ષ દરમિયાન અનેક કાર્યક્રમોનુ આયોજન કરાયુ છે.

### સહાય ચુકવાઈ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આરોગ્ય વિભાગે જાહેર કર્યુ હતુ. આ પછી કોર્ટના આદેશને પગલે અરજીઓ માંગી મૃતકોના પરિવારજનોને રૂ. ૫૦ હજારની સહાય ચુકવવાનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો હતો.

જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં આ સહાય ચુકવવામાં આવી છે. તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે હાલ તેમની પાસે આ સંદર્ભે કોઈ અરજી પડતર છે નહિ. જે બાકી છે તેમને આગામી એકાદ બે દિવસમાં ચુકવણી કરી દેવામાં આવશે.

### ધમધમાટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લાંબા સમયથી અટવાયેલા આ કામો હવે પુર્ણ કરવાનુ પણ મુશ્કેલ બન્યુ છે.

સરકાર સાથે વાટાઘાટોના અંતે કવોરી માલિકોને પડતર પ્રશ્નનો ઉકેલ માટે લેખિત ખાતરી અપાતા આખરે બે સપ્તાહના અંતે હડતાળ સેમેટી લેવામાં આવી છે. જેના લીધે હવે ગાંધીનગર શહેર તેમજ જિલ્લામાં વિલંબમાં પડેલી વિવિધ કામગીરી હવે વેગથી શરૂ કરાશે. જો કે હવે વરસાદી દિવસો પણ નજીકમાં છે ત્યારે આ કામગીરી સમયસર પુર્ણ કરવાનુ પણ અધિકારીઓ માટે ચેલેન્જરૂપ બન્યુ છે. જો કે ગાંધીનગર જિલ્લામાં અનેકવિધ કામો છેલ્લા ઘણાં સમયથી વિલંબમાં પડયા છે.

અગાઉ કોન્ટ્રાકટરોની હડતાલ પણ જવાબદાર બની હતી જયારે હવે લાંબા સમયથી કવોરી માલિકોની હડતાળનો અંત આવતા અધિકારીઓએ પણ રાહતનો શ્વાસ લીધો છે. આગામી દિવસોમાં જિલ્લામાં વિવિધ કામો શરૂ થઈ જશે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી આ વિકાસ કામોને એક યા બીજા મુદ્દે ગ્રહણ લાગેલુ રહેતા શહેર જિલ્લામાં વિવિધ માર્ગ સુધારણા સહીતના કામો પર વિપરિત અસર પડી છે.

### સરકારી આવાસો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિભાગ કક્ષાએથી નવા ટાવરો ઉભા કરવા માટે ઝડપથી સ્થળ પસંદગી કરવામાં આવતી નથી જેના લીધે નવા આવાસો બાંધવાનુ કામ પણ સમયસર હાથ ધરી શકાતુ નથી. શહેરમાં નવા આવાસો બાંધવાના મામલે લાંબા સમયના અંતે પણ સ્થળ પસંદગી કરવામાં આવી નથી. જયારે સે-૧૬ અને સે-૧૨ માં અગાઉ પણ જોખમી મકાનો તોડવામાં આવ્યા હતા જયારે સેકટરોમાં મકાનોની ઘટના લીધે વિભાગ દ્વારા હાલ કેટલાક સેકટરોમાં આવાસ રીનોવેશનની કાર્યયોજના પણ હાથ ધરવામાં આવી છે.

### પાથેય

● અનુસંધાન ચોથાનું ચાલુ...

છું..નતમસ્તક થઈ ભાવવિભોર મારા મનને સંકેલી આગળ વધું છું..રેતભીના પટમાં મારાં પગલાંની ઉપસતી છાપ મને અનેરો રોમાંચ કરાવી રહી હતી..રેતની આ ચાદર નીચે મારા ભીનાં પગલાં કયાંક દટાયેલાં હશે..! શહેર તરફ પાછાં ફરતાં મારાં ચરણને તલાશ હતી એ કોમળ પગલીઓની..

### લાગણીનો મેળો

● અનુસંધાન ચોથાનું ચાલુ...

એમના સૌ સમાનધર્મી સાક્ષી છે. વિપુલભાઈ તમારી નવયાત્રા... શુભયાત્રા... સફળયાત્રા બનો... રોમાંચક બનો.... શિક્ષણને ઉપકારક બનો !!

**સ્પર્શમણિ :**

શીખવવા માટે મારી આંગળી ઝાલી,
મારા શિક્ષક મને છેક જિંદગી સુધી મૂકી ગયા !

- rasikvaland1965@gmail.com, Mo. 9913426949

### સ-રસ

● અનુસંધાન ચોથાનું ચાલુ...

પડ્યું?'' એમણે અલિપ્તભાવે જવાબ આપ્યો, ''કોઈના ય નહીં! આ તો આપણાથી ચોથા મકાનવાળા પરીખભાઈ છે ને એ કહેતા હતા કે એમની ઓફિસમાં કોઈકને માથે ચાંલ્લાની તલવાર તોળાઈ રહી છે તે બિચારો મૂંઝવણમાં ફરે છે!''

હવે મૂંઝવણમાં હું મૂકાઈ ગયો હતો. તો આટલી બધી વાર સુધી મહેતાસાહેબે મારી ''ફીરકી'' શું કામ લીધી એનો જવાબ હું વિચારું એ પહેલાં એ બોલ્યા, ''આ તો શું કે મારે સોસાયટીના નાકા સુધી જવું હતું. પણ એકલાં મને કંટાળો આવતો હતો. તમને જોયા ને મને થયું કે ચાલો, સારો સંગાથ મળશે. પણ તમે રહ્યા પ્રોફેસર! બુધ્ધિજીવી વર્ગવાળા કહેવાઓ! એટલે તમારી સાથે જેવી-તેવી વાત ના થાય! કંઈક ''લૉજિકલ'' વાત કરવી પડે!''

મહેતાસાહેબના મકાનથી ચોથા મકાનવાળાની ઓફિસમાં કોઈકને કદાચ ચાંલ્લો કરવાનો આવશે તો એનું શું થશે એ વાતમાં શું ''લૉજિક'' છે એ વિચારે હું ત્યાં જ માથું ખંજવાળતો ઊભો રહી ગયો અને મહેતાસાહેબ સોસાયટીના નાકે વળી ગયા!

### નખરાળી જિંદગી

● અનુસંધાન ચોથાનું ચાલુ...

વિચારો જો એ વખતે થોમસભાઈએ પોતાના સંબંધીની વાત સાંભળીને કે પછી એક બાદ એક થતાં નિષ્ફળ પ્રયાસો જોઈને પ્રયત્ન કરવાનું છોડી દીધું હોત તો?

આટલી લાંબી કથા કરીને કહેવાનું એટલું જ કે સફળ થવા માટે કેટલા પ્રયત્નો કર્યા કે કે કેટલા નિષ્ફળ પ્રયત્નો કર્યા એ વિચારવાને બદલે તમે તમારા લક્ષ્ય તરફ કેટલું આગળ વધ્યા એ વિચારો. દરેક નિષ્ફળ પ્રયાસ તમને સફળ થવાની ચાવીની થોડાક વધારે નજીક લાવી મૂકે છે બસ, આટલું સ્વીકારીને આગળ વધશો તો મારો વિશ્વાસ રાખો તમે તમારા લક્ષ્ય સુધી પહોંચીને જ રહેશો. ભૂલો એનાથી જ થાય છે જે પ્રયત્ન કરે છે એટલે તમારી ભૂલોને છુપાવો નહિ એને આવકારો અને એમાંથી શીખો. સફળ થવાનો એ જ એક સીધો રસ્તો છે.

**અમસ્તું,**

સફળતા તમારા હાથની રેખાઓમાં નહિ પણ એ હાથ વડે કરેલા પ્રયત્નોમાં છુપાયેલી હોય છે, સમજ્યા કે નહીં?

@KapdiaNiyati

### કબુલાત

● અનુસંધાન પહેલાનું ચાલુ

કેવી રીતે આપી શકાય. આની પર અરજદારના વકીલ રાજીવ કુમારે કોર્ટે જણાવ્યુ કે જનહિત સાથે જોડાયેલા મુદ્દા પર કોર્ટના તપાસના આદેશ આપી શકે છે. આ મામલો તત્કાલીન ડીસી પૂજા સિંઘલ સાથે સંબંધિત છે, જેઓ મનરેગા કૌભાંડના આરોપી હતા અને શેલ કંપનીઓનો મામલો સામે આવ્યો છે. આવી સ્થિતિમાં કોર્ટ સીબીઆઈ તપાસનો આદેશ આપી શકે છે.